**સુવિચાર**
''જ્ઞાનનું વીરડા જેવું છે, જેમ ગાળીએ એમ તેની સરવાણી ફૂટતી રહે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૧/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૩૨

Destination Wedding at ₹ 3.5 Lakh
તમારા સપનાના લગ્ન માટે ગીરનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન...
• ૬૦૦૦ ફૂટ વેડિંગ લૉન • વિશાળ સ્વિમિંગ પૂલ • મલ્ટી ક્યુસન રેસ્ટોરન્ટ
• ૨૨ લક્ઝરિયસ કોટેજિસ. • લગ્ન વિધિ માટે હૉલ..
THE LION LODGE
3
For Booking: 9409400002 | 9409400003 www.thelionlodge.in

## સાયબર ક્રાઈમનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું હોય જાગૃતિ અર્થે

# અમરેલી ખાતે વેપારીઓ માટે સાયબર સુરક્ષા સેમિનાર યોજાયો

પોલીસ અધિક્ષક સંજય ખરાત, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પીઆઈ જે.એમ. કડછાએ માર્ગદર્શન આપેલ

વિભાગીય પોલીસ અધિકારી ચિરાગ દેસાઈ, સિટી પીઆઈ વાઘેલા સહિતનાં પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

શહેરનાં પ્રતિષ્ઠિત વેપારીઓ, નાગરિકો, ડોકટર્સ સહિત સૌ કોઈએ કાર્યક્રમનો લાભ લીધો

વેપારીઓનાં જુદા-જુદા સંગઠનોનાં આગેવાનોએ પણ જરૂરી માર્ગદર્શન આપેલ



અમરેલી, તા. ૧૯
અમરેલી ખાતે સાયબર સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં વેપારી મહામંડળના પ્રમુખ બીરજુભાઈ અટારા દ્વારા સ્વાગત પ્રવચન સાથે કરવામાં આવી. ત્યારબાદ અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીએ આજના ડિજિટલ યુગમાં વધતા ઓનલાઈન ફ્રોડ, યુપીઆઈ સ્કેમ અને બેંકિંગ છેતરપિંડી અંગે ચિંતા વ્યકત કરી, આવી ઘટનાઓથી બચવા માટે જરૂરી

**અનુસંધાન પાના ૬ ઉપર**

**જોઈએ છે**
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૧/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. વિરલ વસાણી – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન – મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત – તા.૨૨/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. દેવાંગ ટાંક – ગેસ્ટ્રોલોજીસ્ટ – પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત – તા.૨૨/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. ઝલક શાહ ઉપાધ્યાય – પીડીયાટ્રીક એન્ડોકાઈનોલોજીસ્ટ – બાળકોના થાઈરોઈડ, ડાયાબીટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત – તા.૨૩/૦૧/૨૦૨૬ - શુક્રવારે, સવારે ૦૯:૦૦ થી ૦૨:૦૦
ડો. અનિલ સાંજવા – પીડીયાટ્રીક સર્જન – નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન – તા.૨૩/૦૧/૨૦૨૬ - શુક્રવાર, સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦
ડો. કલ્પેશ બજાણિયા – ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન – મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત – તા.૨૪/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ ( ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ ) મો. ૮૧૯૯૩ ૯૧૫૯૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ ( ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

## દારૂનું દુષણ ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચ્યું

# ખાંભાનાં પચપચીયા ગામ નજીકથી વિદેશી દારૂની ૧૨ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૧૯
ખાંભા તાલુકાના મોટા પચપચીયા ગામે રહેતાં જીલુભાઈ વિનુભાઈ ધાપા નામના આરોપીએ વગર પાસ પરમીટે પચપચીયા ગામે સાળવા જવાના રસ્તા પાસે આવેલ પોતાના ઘરે ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂની નાના મોટી બોટલ કુલ નંગ-૧૨ કિંમત રૂપિયા ૩૧૨૦ના મુદ્દામાલ રાખેલ હોય. એ અંગેની બાતમી સ્થાનિક પોલીસને મળતાં પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ ઝડપી લીધો હતો.

अमरेली जीલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર – આંખના સર્જન
ડો.સૌનલબેન ઠાકર – ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુદ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

### આરોપીઓ જિલ્લામાં આવ્યા અને ફસાયા

# ધોરાજી સિટીનાં અપહરણનાં ગુન્હામાં અમરેલી પોલીસે ૪ આરોપીને ઝડપી લીધા

## ચારેય આરોપીને ધોરાજી પોલીસને હવાલે કરાયા



અમરેલી, તા. ૧૯

રાજકોટના ધોરાજી સીટીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ગણતરીની કલાકોમાં અમરેલી સીટી પોલીસ તથા અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનની ટીમ તથા અમરેલી એલ.સી.બી. ટીમને બાતમી મળેલ કે ધોરાજી ખાતેથી વિમલભાઈ મોહનભાઈ હરીયાણી નામની વ્યકિતનું ગત ગઈ તા. ૧૮નાં રોજ અપહરણ થયેલ હોય. જે અંગે જેતપુર ગામે રહેતાં કૃપાલીબેન ઉર્ફે કૃપા ભાવીનભાઈ ચીતારાએ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ બનાવમાં અમરેલીના ગંગાનગર, શેરી નં. ૨ માં રહેતાં ગોપાલ વિઠ્ઠલભાઈ ડાંગર તથા અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ઉત્સવ ફલેટમાં રહેતાં પ્રદ્યુમનસિંહ ભરતસિંહ વાળા તથા ભાવનગર જિલ્લાનાં ખડસલીયા તેમજ કચ્છ જિલ્લાના માધાપર, ગોકુળધામ સોસાયટીમાં રહેતાં ઋષિરાજસિંહ ચંદ્રસિંહ વાળા નામનાં સંડોવાયેલ આરોપીઓ અમરેલી ખાતે આવેલ હોવાની બાતમી મળતાં તેના આધારે તપાસ શરૂ કરતાં તે દરમિયાન ભોગ બનાર વિમલભાઈ મોહનભાઈ હરીયાણીને શોધી કાઢી, સંડોવાયેલ ચારેય આરોપીઓને પકડી પાડી ધોરાજી સીટી પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે.

### શિયાળાની સવાર એટલે ઉત્સાહ, ઉમંગ અને આશાનો તરવરાટ

# અમરેલીનાં જુદા–જુદા માર્ગો ઉપર વ્હેલી સવારે મનમોહક દ્રશ્યથી મોર્નિંગ વોકર ઝુમી ઉઠયા

## જો કે ધુંઘળા વતાવરણમાં વાહનચાલકોને પરેશાની વેઠવી પડી





અમરેલી તા.

અમરેલી જિલ્લામાં પડી રહેલી કડકડતી ઠંડી વચ્ચે આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબલિટીમાં ભારે ઘટાડો જોવાં મળતાં રાહદારીઓ તથા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. પરિણામે વાહન ચાલકોએ પણ સવાર સવારમાં વાહનોની લાઈટો ચાલુ કરવા છતાં પણ રસ્તા પર કંઈ જ ના દેખાતું ના હોય તેવી ગાઢ ધુમ્મસની ચાદરો છવાઈ હતી.

અમરેલીના ચિતલ,લાઠીથી અમરેલી સહિતના હાઈવે પર પડી રહેલી કડકડતી ઠંડી વચ્ચે આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબલિટીમાં ભારે ઘટાડો જોવાં મળતાં રાજય ધોરીમાર્ગો અને નેશનલ હાઈવે પર રાહદારીઓ તથા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતાં. પરિણામે વાહન ચાલકોએ પણ સવાર સવારમાં વાહનોની લાઈટો ચાલુ કરવા છતાં પણ રસ્તા પર કંઈ જ ના દેખાતું ના હોય તેવી ગાઢ ધુમ્મસની ચાદરો છવાઈ હતી.

અમરેલીમાં સવારે માર્નિંગ વાકમાં નીકળેલા શહેરીજનોએ અમરેલીના ઠેબી ડેમ ઉપર કાશ્મીર જેવો આહલાદક વાતાવરણ જોવા મળતા સિનિયર સિટિઝન તથા યુવકોએ આનંદનો અહેસાસ કરતાં ખુશખુશાલ જોવા મળતા હતા.

### 'શીખસે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન' સુત્ર સાથે માર્ગ સલામતી માસની ઉજવણી

# બાબરા : રાત્રિનાં અંધકારમાં અકસ્માતો અટકાવવા આરટીઓ દ્વારા યાર્ડમાં વાહનો પર રેડિયમ પટ્ટીઓ લગાવાઈ

## ટ્રેલર, સનેડા જેવા સેંકડો વાહનોને રિફ્લેકટરથી સજ્જ કરાયા





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

માર્ગ અકસ્માતોના શૂન્ય નિવારણના લક્ષ્ય સાથે અમરેલી આર.ટી.ઓ. વિભાગ દ્વારા જાન્યુઆરી માસ દરમિયાન 'રોડ સેફટી મંથ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. 'શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન'ના મંત્રને ચરિતાર્થ કરવાના ભાગરૂપે આજે બાબરા માર્કેટિંગ યાર્ડ ખાતે વાહનોમાં રેડિયમ રિફ્લેક્ટર પટ્ટી લગાવવાનો એક વિશેષ લોકજાગૃતિનો યોજાયો હતો.

અકસ્માતની ભીતિ ટાળવા નવતર અભિગમ : સામાન્ય રીતે ગ્રામ્ય પંથકના માર્ગો પર સ્ટ્રીટ લાઈટનો અભાવ હોય છે. ખેતીકામમાં વપરાતા ટ્રેલર, છકડા કે સનેડા જેવા વાહનોમાં ઘણીવાર પાછળની લાઈટો કાર્યરત હોતી નથી અથવા ધૂળના કારણે દેખાતી નથી. રાત્રિના સમયે પાછળથી આવતા હાઈવે પરના ઝડપી વાહનોને આ વાહનો દેખાતા નથી, જે જીવલેણ અકસ્માતોનું મુખ્ય કારણ બને છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે આર.ટી.ઓ.ની ટીમ દ્વારા બાબરા યાર્ડમાં હાજર વાહનો પર યલો અને રેડ કલરની ઉચ્ચ ગુણવત્તાયુક્ત રેડિયમ રિફ્લેક્ટર પટ્ટીઓ લગાવવામાં આવી હતી.

અમરેલી એઆરટીઓ અધિકારીની યાદીમાં જણાવ્યા અનુસાર, રેડિયમ પટ્ટી લગાવવાથી રાત્રિના સમયે વાહન પર લાઈટ પડતા જ તે દૂરથી ચમકી ઉઠે છે, જેનાથી પાછળ આવતા ચાલકને સાવચેતી રાખવાનો પૂરતો સમય મળે છે. આ માત્ર એક પ્રવૃત્તિ નથી પરંતુ માનવ જિંદગી બચાવવા માટેનો એક સેવાયજ્ઞ છે.

આગામી દિવસોમાં પણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની ઝુંબેશ ચલાવીને જનજાગૃતિ ફેલાવવામાં આવશે તેવું વિભાગ દ્વારા જણાવાયું છે.

### અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારનાં

# વિશ્વાસઘાતનાં ગુન્હામાં ૧૧ વર્ષથી નાસતા–ફરતા આરોપીની અટકાયત

## પંજાબનાં ગુરૂદાસપુર વિસ્તારમાંથી પંજાબસિંગની અટકાયત



અમરેલી, તા. ૧૯

અમરેલીના રૂરલ પોલીસ સ્ટેશનના વિસઘાતના ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા અને જેના ઉપર રૂપિયા ૧૦ હજારનું ઈનામ જાહેર થયેલ તેવા આરોપીને પંજાબ ખાતેથી પકડી પાડતી અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સને ૨૦૧૪ની સાલમાં પંજાબ રાજયનાં ગુરૂદાસ જિલ્લાનાં સંઘર ગામે રહેતાં આરોપી પંજાબસિંગ ઉર્ફે દીપુ સકાતરસિંગ જાટ નામના ઈસમ સામે ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયો હતો અને આ ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી આરોપી નાસતો ફરતો હોય. આ આરોપી અંગેની બાતમી આપનારને રૂપિયા ૧૦ હજારના ઈનામ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

ત્યારે ગુજરાત સરકારના ગૃહ વિભાગ ધ્વારા કરવામાં આવેલ ઠરાવ અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનાઓને અંજામ આપી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે અને ઘણા લાંબા સમયથી નાસતા ફરતા અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ ટોપ–૧૦ નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવેલ અને આ આરોપીને પકડી પાડવા આરોપી દીઠ રૂપિયા ૧૦ હજારની ઈનામની જાહેરાત કરેલ હતી અને આવા લીસ્ટેડ આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હતી.

ત્યારે અમરેલી એલસીબી ટીમે આ ઈનામી આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે શોધખોળ આદરી અને આ આરોપી પંજાબસિંગ ઉર્ફે દીપુ સકાતરસિંગ જાટને પંજાબ રાજયના ગુરદાસપુર જિલ્લાના ધારીવાલ તાલુકાના સંઘર ગામ ખાતેથી પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### આગામી ૨૯ જાન્યુઆરીનાં રોજ

# બાબરામાં ભંગડશા પીરના ઉર્ષ નિમિત્તે ૨૧માં સમૂહલગ્ન યોજાશે

## નવદંપતીઓને ૬૩ વસ્તુઓનો કરિયાવર અર્પણ કરાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરાના કરીયાણા રોડ પર આવેલ સુપ્રસિદ્ધ હઝરત ભંગડશા પીર રહેમતુલ્લાહ અલૈહના ઉર્ષ મુબારકની મુબારક ઘડીએ આગામી તા. ૨૯/૦૧ના રોજ સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગે ૨૧ નવદંપતીઓ સુન્ની ઈસ્લામી રિત–રિવાજ મુજબ નિકાહના બંધનમાં જોડાશે.

આ સમૂહલગ્નને લઈને આજે તમામ ૨૧ નવદંપતીઓના પરિવારોને કરિયાવરનું વિતરણ કરવામાં આવ્યું હતું. દીકરીઓને ગૃહસ્થી વસાવવામાં સરળતા રહે તે હેતુથી કુલ ૬૩ જેટલી ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી છે. જેમાં મુખ્યત્વે શેટી–પલંગ, કબાટ, વાસણોનો સેટ, મિક્સર, પંખા જેવી અનેક નાની–મોટી ઘરવપરાશની જીવન જરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.


આ ભગીરથ કાર્યમાં બાબરા સુન્ની મુસ્લિમ સમાજના અગ્રણી સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ સહિતના દાતાઓનો આર્થિક તેમજ કરિયાવરની વસ્તુઓ માટે પૂરતો સહયોગ પ્રાપ્ત થયો છે. ઉર્ષ મુબારકના અવસરે યોજાનારા આ સમૂહલગ્નમાં સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી સુન્ની મુસ્લિમ બિરાદરો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બાબરા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ સલીમભાઈ અગવાન, રહીમભાઈ પંછીરાજ, રહીમભાઈ અજમેરી, આરીફભાઈ મેંતર, અલ્તાફભાઈ ગોગદા, રજાકભાઈ પરમાર તેમજ સમીરભાઈ પંછીરાજ સહિતના કમિટીના સભ્યો અને યુવા કાર્યકરો રાત–દિવસ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બાબરા : ઠંડી અને ધુમ્મસની બેવડી અસર, જનજીવન પ્રભાવિત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૯

બાબરા પંથકમાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. સમગ્ર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાઈ જતાં રોડ પર જોવું પણ મુશ્કેલ બન્યું હતું. ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી હોવાથી વાહનચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને વાહનોની લાઈટો ચાલુ રાખવાની ફરજ પડી હતી.

બીજી તરફ, મોર્નિંગ વોક માટે નીકળેલા લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકોએ ધુમ્મસના આહલાદક નજારા સાથે ઠંડીની મજા માણી હતી. આશરે ૯ થી ૧૦ વાગ્યા સુધી ધુમ્મસની અસર જોવા મળી હતી.

ભારે ધુમમ્સના કારણે શિયાળુ પાક જીરૂ ચણા અન ઘઉંના પાકને નુકસાન જવાની ખેડૂતોમાં ભીતિ લાગતી હતી.

### રાની પશુઓની રહેણાંક વિસ્તારમાં સતત અવરજવર

# લ્યો બોલો : ખાંભાનાં રબારીકામાં એકી સાથે ૪ સિંહોએ ચક્કર લગાવ્યુ

## જીઆરડી જવાનો સામે સિંહોએ ચક્કર લગાવ્યુ



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં ધરોહર સમાન એશિયાટિક સિંહની સૌથી વધુ વસ્તી હોય. ત્યારે હવે આ એશિયાટિક સિંહ હવે ખોરાક અને પાણીની શોધમાં માનવ વસ્તીમાં ઘુસી આવે છે. ત્યારે ગીર કાંઠાના ગ્રામ્ય લોકોને સિંહ સાથે જાણે નાતો બંધાય ગયો હોય તેમ વર્તન થતું જોવા મળી રહયું છે. ત્યારે આવો જ એક નજારો ખાંભાના રબારીકા ગામે શિકારની શોધમાં ઘુસેલા ૪ સિંહો અને રાત્રીના ફરજ બજાવતા જી.આર.ડી. જવાનો સામે જ આ સિંહોએ ચક્કર લગાવ્યાં હતાં. તે અંગેનો વીડિયો માનવ અને સિંહ વચ્ચે એક વિસનો સેતુ દેખાડતો વીડિયો વાયરલ થયેલ છે.

અમરેલી જિલ્લાનાં ગીર કાંઠાનાં ખાંભા પંથકમાં વન્ય પ્રાણીઓ જેવા કે સિંહ અને દીપડા સામાન્ય રીતે હરતાં ફરતાં રહેતાં હોય છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના રબારીકા ગામે જી.આર.ડી. જવાનો પોતાના નાઈટ પેટ્રોલિંગમાં હતાં ત્યારે આ રબારીકા ગામનાં એક ચોકમાં એકી સાથે ચાર ચાર સિંહનું ટોળું સામે આવી જવા પામેલ હતું.

પરંતુ કાયમી રીતે આ પંથકમાં ફરજ બજાવતાં જી.આર.ડી. જવાનો અને કાયમી આ પંથકમાં વસવાટ કરતાં સિંહ વચ્ચે જાણે અનોખો વિસનો સેતુ હોય તેમ એક બીજાથી પણ વિચલિત થયા વિના સિંહોએ આ જવાનો સામે ચોકમાં ચક્કર લગાવ્યાં હતાં.

બાદમાં આ જવાન સામે એક સિંહે તો રેતીના ઢગલા પર આરામ ફરમાવ્યો હતો. કોઈએ એક બીજાને કોઈ નુકસાન ના પહોંચે તે રીતે સલામત અંતર જાળવ્યું હતું. આ સમગ્ર ઘટનાનો અદભુત વીડિયો સોશયલ મીડિયામાં વાયરલ થયેલ છે.

### લીલીયા રોડ તરફ જતાં વાહનોએ સરદાર ચોક તરફથી જવું

# અમરેલીમાં લીલીયા રેલ્વે ફાટક પર બાંધકામને લઈને વૈકલ્પિક રૂટ પરથી પસાર થવું

## ચક્કરગઢ ચોકડીથી સિટીમાં પ્રવેશ કરવા જણાવાયું

અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરમાં લીલીયા રોડ પર એલસી ૨૨ (લીલીયા ફાટક) ખાતે આર.સી.સી બોકસ બાંધકામને લઈને અહીંથી પસાર થતા હળવા અને ભારે વાહનોએ વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે. આ બાબતે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વૈકલ્પિક રૂટ મુજબ (૧) લીલીયા ચોકડીથી આવતા તમામ વાહનોએ ચક્કરગઢ ચોકડીથી અમરેલી સિટી અંદર, સરદાર ચોકથી ભીડભંજન ચોક પરથી પસાર થવાનું રહેશે. ઉપરાંત (૨) અમરેલી સિટી તરફથી લીલીયા રોડ તરફ જતા તમામ વાહનોએ સરદાર ચોકથી સંકુલ રોડ થઈ ચક્કરગઢ રોડ બાયપાસ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું આગામી તા. ૧૫/૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત -Ad 176

## છેલ્લા ૫ થી ૧૦ વર્ષમાં વ્યાપક પ્રમાણમાં પક્ષ પલ્ટો કરનાર

# જુના કોંગીજનો આગામી ચૂંટણીમાં ભાજપનાં કમળને પંજાથી પકડશે ?

**આગામી પાલિકા અને તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ટિકિટ મેળવવા જુના કોંગીજનો વધારે સક્રીય**

**ભાજપનાં ધારાસભ્યો, સાંસદ અને જિલ્લા પ્રમુખની નજીક જવા કે રહેવા જુના કોંગીજનોમાં હોડ લાગી**

**રાજયમંત્રી કૌશિક વેકરિયાની ચારેબાજુ જુના કોંગીજનો જ નજરે ચડી રહ્યા છે**

**ભાજપ હાઈકમાન્ડ ભાજપનાં પાયાનાં કાર્યકરોને ટિકિટ આપે છે કે આયાતીને તેના પર સૌની નજર**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાની અમુક પાલિકાઓ, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી આગામી ૧૦૦ દિવસ બાદ યોજાવાની સંભાવનાં હોય ચૂંટણી જંગમાં ઉતરવા ઈચ્છતાં સત્તા પક્ષનાં કાર્યકરો અને આગેવાનો સત્તા પક્ષનાં ધારાસભ્યો, સાંસદ અને જિલ્લા પ્રમુખ સહિતનાં આગેવાનોની ફરતે ચકકર લગાવતા જોવા મળી રહ્યા છે.

જો કે આશ્ચર્યજનક બાબત એ છે કે, છેલ્લા ૫ થી ૧૦ વર્ષમાં કોંગ્રેસનાં અનેક કાર્યકર્તાઓ અને આગેવાનો સત્તા પક્ષે રહેવા માટે માતૃ પક્ષને છોડીને ભાજપમાં પ્રવેશ કરી ચુકયા હોય તેઓ હવે આગામી ચૂંટણીમાં ભાજપનાં કમળનાં નિશાન ઉપર ચૂંટણી લડવા દોડધામ કરી રહ્યા છે.

છેલ્લા થોડા દિવસોથી ભાજપનાં ધારાસભ્યો, સાંસદ કે સંગઠનનાં આગેવાનો ઉપરાંત રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં કાર્યક્રમમાં ભાજપીઓ કરતાં પક્ષ પલ્ટો કરીને ભાજપમાં આવનાર વધારે નજરે ચડી રહ્યા હોય જુના ભાજપીઓ પણ નવા–નવા ભાજપમાં પ્રવેશ કરનારનાં અવનવા રંગો નિહાળી રહ્યા છે.

હવે, જોવાનું એ રહે છે કે ભાજપ હાઈકમાન્ડ આગામી પાલિકા/પંચાયતોની ચૂંટણીમાં ભાજપનાં જુના અને પાયાનાં કાર્યકરોને ટિકિટ આપે છે કે કોંગ્રેસ છોડીને આવેલને ટિકિટ આપે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભાજપનો સુરજ આજે સોળે કળાએ ખિલ્યો હોવા છતાં પણ હાઈ કમાન્ડ "બીજાની થાળીનો લાડવો મોટો લાગે" કહેવતની જેમ ભાજપનાં કાર્યકર્તાઓને મહત્વ આપવાને બદલે કોંગ્રેસમાંથી પક્ષ પલ્ટો કરીને ભાજપમાં આવનારને મહત્વની જવાબદારી સોંપવામાં આવી રહી હોવાનો કચવાટ જુના ભાજપીઓ દર્શાવી રહ્યા છે.

## અનેકવિધ ચર્ચાઓ વચ્ચે ખુલાશો આવ્યો

# વીજપડીમાં ગ્રામ પંચાયત દ્વારા દુકાનો બનાવીને ભાડે આપવાનો કોઈ નિર્ણય થયો નથી

**પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ ખુલાસો આવકાર્યો**

સાવરકુંડલન, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાનાં વિજપડી ગામે ગ્રામ પંચાયત દ્વારા દુકાનો બનાવીને ભાડાથી આપવા અંગે પંચાયત સત્તાવાળાઓએ લેખિતમાં જવાબ આપતાં જણાવેલ છે કે, ‘‘હાલ આવી કોઈ કામગીરી પંચાયત દ્વારા થયેલ નથી.’’ જેથી દુકાનો બનાવીને ભાડે આપવાની છે. તેવી વાહયાત વાતોનો પરપોટો કરી જવા પામેલ છે. અત્રે વિજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જાહેરહિતાર્થ એક નિવેદનમાં જાણ કરેલ છે, તેમજ વહેલાસર જવાબ અપાવવા બદલ તાલુકા વિકાસ અધિકારીનો આભાર વ્યકત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, પંચાયત સત્તાવાળાઓએ તમામ કામગીરી મંજુરી લઈને નિયમાનુસાર કરેલ છે. જયારે સ્મશાન ફાળા અંગેની કામગીરી દાતા કમિટી દ્વારા થઈ રહી છે, ગ્રામ પંચાયત હસ્તક નથી. ડોર ટુ ડોર કચરા કલેકશન અંગે તા. ૧૨/૧/૨૬નાં લખેલા પત્રમાં જણાવેલ છે કે ટ્રેકટરમાં ટેકનીકલ ખામી હોય ગયા મહિનાથી કચરા કલેકશન બંધ કરેલ છે. પંચાયતની જે જગ્યા હાલ ખુલ્લી છે ત્યાં કોઈ દબાણ હટાવવાનું બાકી છે કે કેમ ? તથા ડ્રાઈવરનું નામ તથા ડ્રાઈવરનો પગાર કેટલો ? તે જવાબમાં જણાવેલ નથી. દુકાનો બનાવીને ભાડેથી આપવાની છે ટુંક સમયમાં બાંધકામ શરૂ થશે તેવી અનેક લોકચર્ચાનો પંચાયત સત્તાવાળાઓનાં લેખિત જવાબથી અંત આવેલ છે. અત્રે એક નિવેદનમાં જાહેરહિતાર્થે જાહેર જનતા જોગ એક નિવેદનમાં જણાવેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## ‘નલ સે જલ’ યોજનાના વિલંબનાં વિરોધમાં

# લીલીયા મોટા ખાતે કોંગ્રેસપક્ષ દ્વારા આગામી ૨ ફેબ્રુઆરીએ ઉપવાસ આંદોલનની ચીમકી

**જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા આંદોલન કરાશે**

લીલીયા મોટા, તા.૧૯

લીલીયા મોટા ગામે સરકારની "જલ સે નલ" યોજનામાં થઈ રહેલા અસહ્ય વિલંબ અને વહીવટી તંત્રની ઉદાસીનતા સામે તાલુકા કોંગ્રેસ સમિતિએ આક્રમણ વલણ અપનાવ્યું છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની સૂચનાથી અને તાલુકા કોંગ્રેસ સમિતી લીલીયા દ્વારા "નગારે ઘા કાર્યક્રમ હેઠળ આગામી તા.૨/૨/૨૦૨૪ સોમવારના રોજ ઉપવાસ આંદોલનની જાહેરાત પણ કરવામાં આવી છે.

સરકારની આ યોજનાની



વર્તમાન સ્થિતિ : લીલીયા મોટા ગામે લાંબા સમયથી "જલ સે નલ" યોજના મંજુર થયેલી છે. ગામમાં પાણી ટાંકીઓનું નિર્માણ પણ થઈ ચુકયું છે. અને ગ્રામ પંચાયત દ્વારા જરૂરી લોકફાળાની રકમ પણ ભરી દેવામાં આવી છે. આમ છતાં, માત્ર ઘર કનેકશન આપવાની કામગીરી બાકી હોવાથી આ સમગ્ર યોજના અધ્ધરતાલ લટકી રહી છે.

પાણી પુરવઠા તંત્ર અને સરકારની આડોડાઈને કારણે સ્થાનિક લોકોને આ યોજનાનો લાભ મળી રહયો નથી. અને લોકોને તેમના લાભથી વંચિત રાખવામાં આવી રહયા છે. જો આગામી માર્ચ મહિના સુધીમાં આ કામગીરી શરૂ કરવામાં નહી આવે. તો યોજના માટેની ગ્રાન્ટ પરત જવાની પુરેપુરી સંભાવના છે. આ ઉપરાંત, લાંબા સમયથી ઉપયોગમાં ન લેવાયેલી પાણીની ટાંકીઓ અને પાઈપ લાઈન તુટી જવાનો પણ ભય સેવાઈ રહયો છે. અને સરકારી નાણાનો વ્યય થાય તેમ છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. તેના કારણે લોકોને ન્યાય મળે તેવા આશયથી તંત્રને જગાડવા માટે તા.૨/૨/૨૦૨૪ ના રોજ મું. લીલીયા મોટા ખાતે મામલતદારની કચેરી સામે પ્રતિક ઉપવાસ આંદોલન કરવામાં આવશે. જેમાં વહીવટી તંત્ર આ બાબતે તાકીદે કામ શરૂ કરાવવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. તેમ છતાં પણ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં નહિ આવે તો લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આંદોલન કરવાની ફરજ પડશે અને તેમાં લીલીયા ગામની તમામ જનતાને મોટી સંખ્યામાં જોડાવા માટે અને આર.ત્રિવેદી) મહામંત્રી, જિલ્લા કોંગ્રેસ સમિતિ, દ્વારા આહવાન કરવામાં આવેલ છે.






જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪










લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫’’ ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક (કેટ-૬ & ફાયબર કેબલ)
કોર્ડલેસ માઇક સીસ્ટમ | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49












### ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા

# ગુજરાતના કવિ સ્નેહી પરમારને પીએચડીની ડીગ્રી એનાયત કરવામાં આવી

## બાળ કવિતાની ભાષા ઉપર શોધ નિબંધ તૈયાર કર્યો

બગસરા, તા. ૧૯

ગુજરાતી ભાષાના જાણીતા કવિ સ્નેહી પરમારે તાજેતરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ગાંધીનગર ખાતે પાંચ વર્ષના સઘન સંશોધન પછી પી.એચ.ડી નિમિત્તે શોધ નિબંધ રજૂ કરી પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. ગુજરાતી બાળ સાહિત્ય કે જેના પર બહુ ઓછું સંશોધન થયેલ છે તેમાં સંશોધન કર્યું છે. ગુજરાતી બાળ કવિતાની ભાષા : એક અભ્યાસવિષય પર પાંચ વર્ષ જેટલા સમયગાળામાં સંશોધન કાર્ય પૂર્ણ કરેલ છે. ગુજરાતી બાળકવિતાની ભાષા જેવા વણખેડાયેલ વિષય પરનું આ સંશોધન આ પ્રકારનું આગવું સંશોધન લેખાય છે. સુધારક યુગ, પંડિત યુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ, આધુનિકયુગ, અનુઆધુનિક યુગ જેવા યુગવિભાજન સાથે દરેક કાળે બાળ કવિતાની ભાષામાં કેવાં ફેરફાર આવ્યા તેનો તલસ્પર્શી અભ્યાસ આ સંશોધનમાં કરવામાં આવેલ છે.

સંશોધક અંગ્રેજી વિષયના શિક્ષક છે અને ગુજરાતી વિષય પર સંશોધન કર્યુ છે તે રીતે આ સંશોધનમાં બે ભાષાની શિસ્તનું રસપ્રદ સાયુજય જોવા મળી શકે છે.


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

ડો. સ્નેહી પરમારે ડો. પ્રશાંત પટેલના માર્ગદર્શનમાં આ સંશોધન કાર્ય કરેલ છે. તાજેતરમાં યુનિવર્સીટીના વાઈસ ચાંસેલર ડો એ.ટી. જોશીના વરદ હસ્તે આ ડિગ્રી અર્પણ કરવામાં આવેલ છે. એક્સપર્ટ તરીકે ઉપસ્થિત રહેલ ડો. સંજય મકવાણાએ આ સંશોધનની પ્રશંસા કરતા સંતોષ વ્યકત કરેલ. કવિતા તો સંશોધનના નિષ્ણાંત કુમાર જૈમિની શાસ્ત્રી અને ભાષાવિદ્દ ડો. પિન્કી પંડ્યાએ આ સંશોધનને શુભકામનો પાઠવી છે. જેમની કવિતા ઉપર અનેક યુનિવર્સીટીમાં પી.એચ.ડી. થઈ રહેલું છે તેવા સ્નેહી પરમારે કરેલ સંશોધનને ભાષાના જાણકારોનો આવકાર પ્રાપ્ત થઈ રહેલ છે.

### લોકહિતનાં પ્રશ્નો અને જનસેવાને વધુ અસરકારક બનાવવા

# અમરેલીનાં તમામ વિકાસ કાર્યો સમયબદ્ધ અને ઉચ્ચ ગુણવત્તા સાથે પુર્ણ કરો : ઉર્જામંત્રી વેકરિયા

## જનતાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા સરકારી વિભાગો વચ્ચે સંકલન મજબુત



અમરેલી, તા. ૧૯

અમરેલી વિધાનસભા વિસ્તારના વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમન્વય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિસ્તારમાં ચાલી રહેલા તથા આગામી વિકાસકાર્યોની પ્રગતિ, લોકહિતના પ્રશ્નો અને જનસેવાને વધુ અસરકારક બનાવવા માટેની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. વિવિધ વિભાગોના અધિકારીઓએ તેમના ક્ષેત્રના કામોની હાલની સ્થિતિ રજૂ કરી હતી અને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

બેઠક દરમિયાન અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી કે તમામ વિકાસકાર્યો સમયબદ્ધ રીતે અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવામાં આવે. સાથે સાથે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યકિત સુધી પહોંચે તે માટે કાર્યપદ્ધતિમાં પારદર્શિતા અને સંવેદનશીલતા રાખવા પર ભાર મુકવામાં આવ્યો. જનતાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા માટે વિભાગો વચ્ચે સંકલન મજબૂત બનાવવાની પણ જરૂરિયાત પર ચર્ચા થઈ.

આ અવસરે ગુજરાત સરકારના ઉર્જામંત્રી અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ બેઠકમાં હાજરી આપી અધિકારીઓ સાથે સીધી ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે વિકાસકાર્યો માત્ર કાગળ પર નહીં પરંતુ જમીન પર સ્પષ્ટ પરિણામ આપતા હોવા જોઈએ. જનહિતને પ્રાથમિકતા આપીને દરેક વિભાગે જવાબદારીપૂર્વક કામગીરી કરે તે માટે તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

### ગ્રામ્ય વિસ્તારમાંથી માનવસેવાનો પ્રેરણાદાયી દાખલો

# જાળીયા ગામના સોલંકી પરિવાર દ્વારા વૃધ્ધ બાનું દેહદાન કરાયું

## સમગ્ર સોલંકી પરિવારનો દેહદાનનો ભગીરથ સંકલ્પ

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાના જાળીયા ગામના રહેવાસી સોલંકી પરિવાર દ્વારા માનવ કલ્યાણ તથા મેડિકલ અભ્યાસના હિતાર્થે દેહદાન કરી સમાજ માટે પ્રશંસનીય ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે.

જિલ્લા ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી સંદીપભાઈ સોલંકીના દાદી તથા ખોડાભાઈના ૮૫ વર્ષના માતા શ્રીમતી રાણીમાં સોલંકી બીમાર હોવાથી અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. સારવાર દરમિયાન તેમનું ગત તા.૮ જાન્યુ.ના રોજ ટૂંકી બીમારીના અંતે અવસાન થયું હતું.

પરિવારજનોએ તેમના અવસાન બાદ માનવ કલ્યાણ અને મેડિકલ ક્ષેત્રના અભ્યાસાર્થે દેહદાન કરવાનો સંકલ્પ લઈ સમાજને સકારાત્મક સંદેશ આપ્યો હતો. અવસાન બાદ સ્વજનો તથા ગ્રામજનોના દર્શનાર્થે વ્યવસ્થા રાખી હતી. અને ત્યારબાદ તા.૯ જાન્યુઆરીના રોજ શાંતાબા મેડિકલ કોલેજ ખાતે શ્રીમતી રાણીમાં સોલંકીનો દેહ વિધિવત રીતે દેહદાન કરવામાં આવ્યો હતો.



ઘરના શિતળ વડલા સમાન માતાના અવસાન બાદ સમગ્ર સોલંકી પરિવારે દેહદાન કરવાનો ભગીરથ સંકલ્પ કર્યો હતો.

ગ્રામ્ય વિસ્તારના સોલંકી પરિવાર દ્વારા કરવામાં આવેલું આ દેહદાન માનવસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. આ દેહદાન થકી મેડિકલ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થવા સાથે ભવિષ્યમાં અનેક દર્દીઓના જીવનરક્ષણમાં સહાય મળશે. સમાજમાં દેહદાન અંગે જાગૃતિ ફેલાય અને વધુ લોકો આ પુણ્ય કાર્ય માટે પ્રેરાય તેવો સંદેશ આ પ્રસંગે પ્રાપ્ત થયો છે.

### ગજેરા કેમ્પસ વિદ્યાસભાનો નેશનલ કક્ષાએ અવિરત ડંકો

# અમરેલી : હેન્ડબોલ-ભાઇઓની સ્પર્ધામાં નેશનલ કક્ષા મેડલ જીતી ગૌરવ વધાર્યુ

## ટ્રસ્ટીગણે સ્પર્ધકોને શુભકામના પાઠવી



અમરેલી, તા. ૧૯

અમરેલી તારીખ : ૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અંડર-૧૪ ભાઈઓ હેન્ડબોલ નેશનલ કક્ષા સ્પર્ધાનું આયોજન રાજસ્થાન રાજયના ચિત્તોડગઢ ખાતે કરવામાં આવ્યું હતું. દેશભરના અલગ-અલગ રાજયોની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ - વિદ્યાસભાના ખેલાડીઓએ ગુજરાત રાજય તરફથી ટીમમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગુજરાતની અંડર-૧૪ ભાઈઓ હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને રજત પદક મેળવી રાજયનું ગૌરવ વધાર્યુ છે. જેમાં આ સંસ્થાના ૧) ડુડવે નરેશ-ધો-૭ ગુજરાતી માધ્યમ, ૨) હુંબલ દિવ્યેશ ધો-૯ ગુજરાતી માધ્યમ અને ૩) જળુ સિદ્ધરાજ ધો-૮ ગજેરા કેમ્પસ વિદ્યાસભા જ્ઞાનશકિત સ્કૂલની આ ગૌરવપૂર્ણ સિધ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે.

ગુજરાતની ટીમમાં ગજેરા કેમ્પસના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી થવી એ સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. યોધ્ધાઓએ નેશનલ કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજય અને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કર્યું છે. આ સિધ્ધિ દ્વારા ફરી એકવાર નેશનલ કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### ''આયુષ્યમાન ભવ'' કાર્યક્રમ અંતર્ગત

# બાબરાનાં સરકારી દવાખાના ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

## દર્દીઓનું નિઃશુલ્ક નિદાન અને સારવાર કરાઈ

બાબરા, તા. ૧૯

સરકારી હોસ્પિટલ બાબરા ખાતે વિભાગીય નાયબ નિયામક અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ લાયઝનિંગ અધિકારી ડો. એ.કે. સિંગના માર્ગદર્શન અને સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરાના અધિક્ષક ડો. વ્હોરા સાહેબના આયોજન મુજબ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી તા. ૧૬/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન 'આયુષ્માન ભવ' કાર્યક્રમ અંતર્ગત આયુષ્માન મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, દંત સર્જન, સર્જરી નિષ્ણાંત, આંખના નિષ્ણાંત, હાડકાના નિષ્ણાંત, એનેથેસિયા અને જનરલ સર્જરી સહિતના નિષ્ણાંત ડોક્ટરોએ હાજર રહીને પોતાની નિઃશુલ્ક સેવાઓ અર્પણ કરી હતી અને આ કેમ્પનો બાબરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના બહોળી સંખ્યામાં દર્દીઓએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો, આ તકે મેડિકલ ઓફિસર ડો. મોહિત ચૌહાણ, મહેશભાઈ બસિયા, ડો. જયદીપ સોલંકી તથા આરોગ્ય વિભાગના તમામ સ્ટાફ નર્સ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના સમગ્ર સ્ટાફ દ્વારા આ મેળાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી જેના પરિણામે અનેક જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે જ નિષ્ણાંત તબીબોની સારવાર ઉપલબ્ધ બની હતી.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

### પ્રમુખ પદે વિજયભાઈ કોટીલા

# રાજુલા નાગરિક બેન્કનાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

## ઉપપ્રમુખ પદે કશ્યપભાઈ પારેખ





અમરેલી, તા. ૧૯

રાજુલા નાગરિક સહકારી બેંકમાં બેંકના સંચાલન માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો. પ્રદેશ ભાજપ તથા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની સૂચનાથી બેંકના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી.

આ નિર્ણય અંતર્ગત વિજયભાઈ કોટીલાને રાજુલા નાગરિક સહકારી બેંકના પ્રમુખ તરીકે અને અગ્રણી વેપારી કશ્યપભાઈ પારેખને ઉપપ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા. તેમની વરણી થતા બેંકના સભ્યો, કર્મચારીઓ તેમજ ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

નવનિયુક્ત પ્રમુખ વિજયભાઈ કોટીલાએ આ જવાબદારી બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, બેંકના વિકાસ, પારદર્શક વ્યવસ્થાપન અને નાગરિકોને વધુ સારા નાણાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું તેમનું મુખ્ય લક્ષ્ય રહેશે. ઉપપ્રમુખ કશ્યપભાઈ પારેખે પણ સહકાર આપવાની ખાતરી આપતા જણાવ્યું કે, વેપારીઓ, ખેડૂતો અને સામાન્ય જનતાને બેંક સાથે વધુ મજબૂત રીતે જોડવામાં આવશે.

આ પ્રસંગે બેંકના ડિરેકટરો, ભાજપના આગેવાનો, કાર્યકરો તથા શહેરના ગણમાન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયાનાં હસ્તે

# બાબરાનાં વાંકીયા ગામે રૂપિયા ૫૦ લાખનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

## સી.સી. રોડ, પીવાનું પાણી, ડ્રેનેજ સહિતનાં કાર્યો કરાશે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના વાંકીયા ગામે ગ્રામીણ સુવિધાઓને વધુ આધુનિક અને સુદ્રઢ બનાવવાના સંકલ્પ સાથે અંદાજિત રૂ. ૫૦ લાખના વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયાના વરદહસ્તે ભવ્ય અને ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો, પંચાયતના પ્રતિનિધિઓ તથા વિવિધ સંગઠનોના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાંકીયા ગામના સર્વાંગી પ્રગતિના હેતુથી હાથ ધરાયેલા આ વિકાસ કામોમાં ગામના આંતરિક સીસી રોડ, નાળા-ડ્રેનેજ સુવિધા તેમજ પીવાના પાણીની વ્યવસ્થા જેવી પાયાની જરૂરિયાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થતા ગ્રામજનોની વર્ષો જૂની સમસ્યાઓનો અંત આવશે અને સુખાકારીમાં વધારો થશે.

આ તકે ઉપસ્થિત મેદનીને સંબોધતાં ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર છેવાડાના ગામડાઓ સુધી તમામ આધુનિક સુવિધાઓ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. દરેક ગામનો સમતોલ વિકાસ થાય તે જ અમારો મુખ્ય સંકલ્પ છે અને વાંકીયા ગામમાં શરૂ થયેલા આ કામો આવનારી પેઢી માટે પ્રગતિના દ્વાર ખોલશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ સહિત તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપના મહામંત્રી, ગામના સરપંચ તથા સામાજિક અગ્રણીઓએ હાજરી આપી હતી. ગામમાં વિકાસ કામોને વેગ મળતા ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી અને તમામ લોકોએ ધારાસભ્યશ્રી તથા સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે

# બાબરાનાં ખીજડીયા કોટડા ગામે ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

## નવું પંચાયત ભવન જનસેવાનું કેન્દ્ર બનશે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના ખીજડીયા કોટડા ગામે ગ્રામજનોની સુવિધામાં વધારો કરતા નવા અત્યાધુનિક ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે સંપન્ન થયું હતું. લાંબા સમયની લોકમાગણી બાદ હવે ગામને પોતાનું નવું અને સુવિધાસજજ વહીવટી ભવન મળશે, જેને લઈ ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.આ પ્રસંગેઉપસ્થિત મેદનીને સંબોધતા ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, પંચાયત ભવનએ માત્ર ઈંટ-પથ્થરની ઈમારત નથી, પણ ગામના સર્વાંગી વિકાસ અને પારદર્શક વહીવટનું કેન્દ્ર છે. રાજય સરકાર છેવાડાના ગામડાઓને આધુનિક સુવિધાઓથી સજજ કરવા કટિબધ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, ખીજડીયા કોટડામાં રસ્તા, પાણી અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ બાદ હવે આ નવું ભવન સરકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવામાં સેતુરૂપ બનશે. ધારાસભ્યએ ખાતરી આપી હતી કે બાબરા તાલુકાના દરેક ગામડામાં વિકાસકાર્યો અવિરત ચાલુ રહેશે. નવા બનનાર આ પંચાયત ભવનમાં ગ્રામજનોને તમામ સરકારી કામગીરી એક જ સ્થળેથી સરળતાથી મળી રહેશે, જેથી તેમનો સમય અને શક્તિ બચશે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપના મહામંત્રી રાજુભાઈ વિરોજા, તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, ગામના સરપંચ, ઉપસરપંચ, પંચાયતના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગ્રામ પંચાયત પરિવાર અને ગ્રામજનો ધ્વારા ધારાસભ્યનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલા ખાતે પરંપરાગત પોષાકમાં સજ્જ કર્મકાંડી બ્રાહ્મણોએ બેટ-બોલ સાથે જમાવ્યું આકર્ષણ






સાવરકુંડલા શહેરમાં એક અત્યંત અનોખી અને ગૌરવવંતી ઘટના જોવા મળી હતી. સામાન્ય રીતે મંત્રોચ્ચાર અને પૂજા-પાઠમાં વ્યસ્ત રહેતા કર્મકાંડી બ્રાહ્મણો આજે મેદાનમાં ક્રિકેટના સાધનો સાથે જોવા મળ્યા હતા. શહેરની આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ પર પરંપરાગત બ્રહ્મ પોષાકમાં સજ્જ થઈને બ્રાહ્મણોએ ક્રિકેટ મેચ રમી એક નવી જ પહેલ કરી છે, જે હાલ સમગ્ર પંથકમાં 'ટોક ઓફ ધ ટાઉન' બની છે. આ મેચનું આયોજન પ. પૂ. કરસનગીરીબાપુ (કુંડલપુર હનુમાનજી) અને ઘનશ્યામબાપુ રામાનંદ છાત્રાલયની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છ ધ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ખાસ હાજરી આપી હતી. તેમણે માત્ર હાજરી જ ન આપી, પરંતુ મેદાનમાં ઉતરીને શુકનની બેટિંગ અને બોલિંગ કરીને ખેલાડીઓનો ઉત્સાહ બેવડાવ્યો હતો. જો કે સમયની વ્યસ્તતા વચ્ચે પણ આ કર્મકાંડી બ્રાહ્મણોની અનોખી પહેલને તેમણે સહર્ષ વધાવી હતી. સાથે સાથે ધારાસભ્યએ બંને ટીમોને વિજયી ભવના આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ મેચની સૌથી મોટી વિશેષતા એ હતી કે તમામ ખેલાડીઓ પોતાના પરંપરાગત પોષાકમાં રમ્યા હતા. મેચ દરમિયાન સંસ્કૃત પ્રચુર ભાષામાં ગોલ્ડનદાદા ધ્વારા કરવામાં આવેલી કોમેન્ટરીએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા, જયારે અમિતભાઈ પંડયાએ હિન્દી અને ગુજરાતી ભાષામાં કોમેન્ટરીની કમાન સંભાળી હતી. 'મહાદેવ ઈલેવન' અને 'પરશુરામ ઈલેવન' વચ્ચે રમાયેલી આ મેચમાં રસાકસી જોવા મળી હતી. મહાદેવ ઈલેવન ધ્વારા બેટિંગ અને પરશુરામ ઈલેવન ધ્વારા ફિલ્ડિંગમાં જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા કર્મકાંડી બ્રાહ્મણોનું આગામી લક્ષ જિલ્લા કક્ષાનું આયોજન કરવાનું છે. એમ અમિતભાઈ પંડયા ધ્વારા એક જણાવવામાં આવેલ. સાવરકુંડલામાં થયેલી આ અનોખી પહેલને મળેલી સફળતા બાદ, હવે ટૂંક સમયમાં સમગ્ર અમરેલી જિલ્લાના કર્મકાંડી બ્રાહ્મણો માટે આવી જ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે. શારીરિક તંદુરસ્તી અને સમાજમાં એકતાના સંદેશ સાથે આ મેચ સંપન્ન થઈ હતી. એકંદરે અનોખી ભાત પાડતી આ કર્મકાંડી બ્રાહ્મણોની ક્રિકેટ મેચે સમગ્ર શહેરમાં ટોક ઓફ ધી ટાઉન રહી હતી.

### અમદાવાદ સ્થિત સેવાભાવી ટ્રસ્ટ દ્વારા

## બગસરાની શાળા નં.૪નાં ૩૫૦ વિદ્યાર્થીઓને સ્વેટર એનાયત

### શાળા પરિવારે દાતાઓનો આભાર માન્યો


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા શહેરમાં જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ના તમામ વિદ્યાર્થીઓને અમદાવાદના ટ્રસ્ટ દ્વારા ઠંડીમાં શરીરના રક્ષણ હેતુથી ઉતરાયણ નિમિત્તે સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

વિગત અનુસાર બગસરા શહેરમાં જેતપુર રોડ પર મફતપરા વિસ્તારમાં આવેલી શાળા નંબર ૪ બગસરા શાળામાં અભ્યાસ કરતા ૩૫૦ થી વધુ બાળકોને અમદાવાદના શેઠ ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ, રિલિજિયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ પારેખ તથા ગીરીશભાઈ પારેખ દ્વારા તેમના માતૃશ્રી યમુનાબેન સી. પારેખના સ્મરણાર્થે તમામ વિદ્યાર્થીઓને ઠંડીમાં શરીરના રક્ષણ માટે ઉતરાયણના દિવસે સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકોને ઉતરાયણમાં ઉજાણી કરવાના હેતુથી તલથી બનાવેલી મીઠાઈ પણ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી આ શાળામાં વિદ્યાર્થીઓને સંસ્કાર આપવાના હેતુથી પણ અનેક કાર્યો કરવામાં આવે છે. દાતા દ્વારા શાળાના જરૂરિયાતમંદ બાળકોને આ સ્વેટરનું વિતરણકરવામાં આવતા શાળાના આચાર્ય, શિક્ષકો તથા શાળા વ્યવસ્થાપન સમિતિના તમામ સદસ્યોએ ઉપેન્દ્રભાઈ તથા ગીરીશભાઈ પારેખનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

## કતારગામ : ગજેરા ટ્રસ્ટ દ્વારા હાસ્ય કવિ સંમેલન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૯

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ કે જે ૩૩ વર્ષથી અવિરત પણે શિક્ષણ, સમાજસેવા, આરોગ્ય અને પર્યાવરણના સંરક્ષણ માટે કાર્ય કરે છે. આજની આ ભાગદોડ વાળી જીંદગીમાં દરેક વ્યકિતના મુખ પર સ્મિત આવે અને ખુબ જ આનંદથી પોતાની જિંદગી જીવી શકે તે હેતુથી આ ટ્રસ્ટ આયોજિત અખિલ ભારતીય હાસ્ય કવિ સંમેલન તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજવામાં આવ્યું હતું જેમાં ગજેરા ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ ગજેરા અને મેનેજીંગ ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા તથા માનવંતા મહેમાનો નાગજીભાઈ સોજીત્રા, શૈલેષભાઈ ડાવરીયા, નરેશભાઈ સોજીત્રા, સાધનાબેન સાવલિયા, પ્રિયંકાબેન જૈન, મગનભાઈ શ્રોફ, ડો.પ્રફુલભાઈ શિરોયા, ડો.નિહાર સરસવાલા, કાળભાઈ ગોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો રસાસ્વાદ ગજેરા ટ્રસ્ટ સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ અને ગજેરા પરિવારે માણ્યો હતો. આ હાસ્ય કવિ સંમેલનના કવિઓ દિલ્હીથી હાસ્ય સમ્રાટ ન્યુઝ ૧૮ શો લપેટેમે નેતાજી ફેમ આંતરરાષ્ટ્રીય કવિ અનિલ અગ્રવંશી, મેરઠથી હાસ્ય રસ, વીર રસ સાથે આંતરરાષ્ટ્રીય કવિ સૌરભ સુમન, કોટાથી હાસ્યરસ પૈરોડીકાર ન્યુઝ ૧૮ શો લપેટેમે નેતાજી ફેમ આંતરરાષ્ટ્રીય કવિ ડો.આદિત્ય જૈન, નોઈડાથી હાસ્ય આંતરરાષ્ટ્રીય કવિ કુશલ કુશલેન્દ્ર અને સુરતના ન્યુઝ ૧૮ શો લપેટેમે નેતાજી ફેમ આંતરરાષ્ટ્રીય કવિયત્રીઓ સંયોજિકા સોનલ જૈન ધ્વારા વિવિધ હાસ્ય રસ કવિતાઓ ધ્વારા શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## સાવરકુંડલામાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૯

ગુજરાત રાજય યોગ બોર્ડ, સાવરકુંડલા દ્વારા શહેરના આંગણે યોગ સંસ્કૃતિને જન-જનના હૃદય સુધી પહોંચાડવા અને 'રોગમુકત સાવરકુંડલા'ના ઉમદા સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી એક ભવ્ય અને યાદગાર વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેસર રોડ પર સ્થિત સર્વ મંગલ હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં યોગ ટ્રેનર્સ બેચની બહેનોએ પોતાની સાધના અને કલાનું અદભૂત પ્રદર્શન કરી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. યોગ કોચ બીના દીપેશ જોશી દ્વારા એક વર્ષ પૂર્વે જે મશાલ પ્રગટાવવામાં આવી હતી, તે આજે એક વિશાળ અભિયાન બની ચૂકી છે. શરૂ થયેલી યોગ ટ્રેનર્સ બેચને શહેરની નારી શકિત તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. આ વાર્ષિક પર્વમાં અંદાજિત ૧૦૦થી વધુ બહેનોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ કઠિન યોગાસનો, પ્રાણાયામ અને સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસ્તુતિએ ઉપસ્થિત સૌને યોગની શકિતનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. સાવરકુંડલાના આંગણે યોગની આ જયોત પ્રજજવલિત રહે તે માટે જાગૃતિબેન ગૌસ્વામીએ પોતાનો હોલ વિનામૂલ્યે આપી ઉમદા ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું, જે બદલ કાર્યક્રમમાં તેમનું ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોગ કોચ બીનાબેન જોશીએ જણાવ્યું હતું કે, ''યોગ એમાત્ર શારીરિક કસરત નથી, પરંતુ જીવન જીવવાની એક પવિત્ર કળા છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આ ધરોહરને અપનાવીને જ આપણે 'રોગમુકત સમાજ'નું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ.'' બહેનોએ પણ આ તકે સંકલ્પ લીધો હતો કે તેઓ ઘરે-ઘરે યોગ પહોંચાડીને સાવરકુંડલાને સ્વાસ્થ્ય ક્ષેત્રે મોખરે લાવશે.

કાર્યક્રમના અંતે તમામ બહેનો અને સહભાગીઓ માટે સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભવ્યતા, શિસ્ત અને ભારતીય સંસ્કૃતિના ગેરવ સાથે સંપન્ન થયો હતો

## સાવરકુંડલા : મેહુલભાઈ વ્યાસે ૬૫૫મું ચક્ષુદાન સ્વીકારી સ્થાપ્યો નવો કીર્તિમાન



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલાના રહેવાસી લાભુબેન વિરાજભાઈ શેલારનું દુઃખદ નિધન થયું હતું. શોકની આ ઘડીમાં પણ માનવતાનો દીવો પ્રજવલિત રાખવા માટે મેહુલભાઈ અને તેમના પરિવારે દીકરીના જન્મદિવસની ખુશીને સેવામાં પરિવર્તિત કરી હતી. તેઓએ નિધન પામનાર લાભુબેનના ચક્ષુઓ સ્વીકારીને અંધકારમય જીવન જીવતા લોકો માટે પ્રકાશનું કિરણ બનવાનું નક્કી કર્યુ હતું. ચક્ષુદાન પ્રવૃત્તિ સાથે વર્ષોથી ગાઢ રીતે સંકળાયેલા મેહુલભાઈવ્યાસે આજે આ ૬૫૫મું ચક્ષુદાન સ્વીકારીને સેવાનો એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. વ્યકિગત પ્રસંગોને સમાજ સેવા સાથે જોડવાની તેમની આ રીત ખરેખર પ્રેરણાદાયી છે.

### તલગાજરડા ખાતે પુ. મોરારીબાપુનાં હસ્તે

## કોટડાપીઠાનાં આચાર્ય મધુભાઈ બોરીચા ચિત્રકુટ એવોર્ડથી સન્માનિત થયા

### કાળી કામળી અને સન્માનપત્ર અર્પણ કરાયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૯

અમરેલી જિલ્લાના શિક્ષણ જગતની યશકલગીમાં વધુ એક સુવર્ણ પીંછું ઉમેરાયું છે. મકરસંક્રાંતિના પવિત્ર પર્વે મહુવા પાસેના તલગાજરડા ચિત્રકૂટધામ ખાતે આયોજિત ગરિમાપૂર્ણ સમારોહમાં વિ વંદનીય સંત પૂજય મોરારીબાપુના વરદ હસ્તે બાબરા તાલુકાની કોટડાપીઠા પ્લોટ પ્રાથમિક શાળાના આચાર્ય મધુભાઈ કાથડભાઈ બોરીચાને પ્રતિષ્ઠિત 'ચિત્રકૂટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. પ્રતિવર્ષ પૂજય બાપુ દ્વારા રાજયભરમાંથી શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોની પસંદગી કરવામાં આવે છે, જેમાં આ વર્ષે રાજયના ૩૬ શિક્ષકોમાં કોટડાપીઠાના આચાર્યએ સ્થાન મેળવી સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.તલગાજરડા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પૂજય બાપુના હસ્તે મધુભાઈ બોરીચાને પરંપરાગત કાળી કામળી, સૂત્ર માલા, રામનવમી અને સન્માન પત્ર અર્પણ કરી દીર્ઘકાલીન શૈક્ષણિક સેવાઓ બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. મૂળ કોટડાપીઠા ગામના જ વતની એવા મધુભાઈ બોરીચા શિક્ષણ ક્ષેત્રે સતત કાર્યશીલ અને સંશોધનલક્ષી અભિગમ ધરાવે છે. અગાઉ પણ તેમને જિલ્લા કક્ષાનો 'બેસ્ટ ટીચર એવોર્ડ,' 'પર્યાવરણ એવોર્ડ' તેમજ ઈનોવેશન અને ક્રિયાત્મક સંશોધન પેપર પ્રેઝન્ટેશનમાં તાલુકાથી લઈ રાષ્ટ્રીય કક્ષા સુધી અનેક એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયેલા છે. તેમની આ ઉમદા શૈક્ષણિક સફરની નોંધ લઈને જ ચિત્રકૂટ એવોર્ડ માટે તેમની પસંદગી કરવામાં આવી હતી.

આચાર્ય મધુભાઈ બોરીચાને આ સર્વોચ્ચ સન્માન મળતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. આ સિદ્ધિ બદલ રાજયના ખજાનચી મહેન્દ્રભાઈ વિછીયા, ઉપાપ્રયક્ષ અનિભાઈ વિછીયા, મહામંત્રી રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાલા, નિલેશભાઈ ઠુંમર તેમજ બાબરા તાલુકાના અજયભાઈ, મહામંત્રી સંજયભાઈ, બી.આર.સી. નીતિનભાઈ ચાવડા, ગામના સરપંચ સત્યજીતભાઈ વાળા સહિત કોટડાપીઠા પ્લોટ શાળાના સમગ્ર સ્ટાફગણ અને મિત્ર મંડળ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવી શુભેચ્છાઓનો વરસાદ કરવામાં આવ્યો હતો

## સાવરકુંડલા શાળા નં. ૪ ખાતે પુસ્તક વિતરણ



અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા શહેરની શાળા નં. ૪ ખાતે આયોજિત પુસ્તક વિતરણ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું, જેના કારણે શાળામાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો. નવા પુસ્તકો હાથમાં આવતા જ બાળકોના ચહેરા પર છલકાતી ખુશી અને શીખવાની ઉત્સુકતા સૌને સ્પર્શી ગઈ.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ પણ થયો હતો. બાળકોના ભવિષ્ય પ્રત્યે આશા અને વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે શિક્ષણ જ સમાજ અને દેશના વિકાસનું સૌથી મજબૂત આધારસ્તંભ છે. યોગ્ય માર્ગદર્શન અને સુવિધાઓ મળે તો દરેક બાળક પોતાની ક્ષમતા અનુસાર આગળ વધી શકે છે. પુસ્તક વિતરણ જેવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે રસ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શાળા પરિવાર, શિક્ષકો અને વાલીઓએ પણ આ પહેલને આવકારી હતી. તેમણે કહ્યું કે સમયસર પાઠયપુસ્તકો મળવાથી બાળકોને અભ્યાસમાં સરળતા રહે છે અને નિયમિત શિક્ષણમાં અડચણ ઊભી થતી નથી. સમગ્ર કાર્યક્રમ શૈક્ષણિક વિકાસ અને બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે પ્રેરણારૂપ સાબિત થયો.

# સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લી. દ્વારા સભાસદોને ભેટનું વિતરણ






સાવરકુંડલા શહેરની પ્રતિષ્ઠિત અને અગ્રેસર ગણાતી સાવરકુંડલા નાગરિક સહકારી બેંક લિમિટેડ દ્વારા આ વર્ષે બેંકના હજારો સભાસદો માટે 'સભાસદ ભેટ' વિતરણના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અહીં સાવરકુંડલા ખાતે રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ પાસે આવેલ આ બેંક ધ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સભાસદો ઉમટી પડયા હતા. બેંકના ચેરમેનના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે બેંકના મેનેજમેન્ટના મેનેજીંગ ડિરેકટર પરાગભાઈ ત્રિવેદી ધ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સભાસદો એ બેંકની સાચી મૂડી છે. બેંક જયારે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે, ત્યારે તેનો સીધો લાભ સભાસદોને મળે તેવા હેતુથી આ વર્ષે આરબીઆઈની ગાઈડલાઈન મુજબ ઉપયોગી વસ્તુઓની ભેટ રૂપે વહેંચણી કરવામાં આવેલ છે. ભેટ વિતરણ દરમિયાન કોઈ પણ સભાસદને હાલાકી ન પડે તે માટે બેંક ધ્વારા અલગ-અલગ કાઉન્ટરો અને વ્યવસ્થિત ટોકન સિસ્ટમ ઊભી કરવામાં આવી હતી. બેંકના સ્ટાફ અને ડિરેકટરોએ ખડેપગે રહીને તમામ સભાસદોને આદરપૂર્વક ભેટનું વિતરણ કર્યું હતું. આ વર્ષની ભેટની ગુણવત્તા અને ઉપયોગિતા જોઈને સભાસદોએ બેંકના મેનેજમેન્ટ પ્રત્યે સંતોષ વ્યક્ત કયો હતો. આગેવાનોની ઉપસ્થિતિ આ કાર્યક્રમમાં બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન, મેનેજિંગ ડિરેકટર તેમજ તમામ બોર્ડ ઓફ ડિરેકટર્સ અને શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે બેંકની પ્રગતિમાં સાથ આપનાર તમામ ગ્રાહકો અને સભાસદોનો આભાર માનવામાં આવ્યો હતો. કુલ બેંકના ૧૭૦૦૦ સભાસદોને ભેટ વિતરણનું આયોજન કરવામાં આવેલ છે.

# બાબરાના ધરાઈ મુકામે શ્રી બાલમુકુંદજીનો ભવ્ય મનોરથ યોજાયો : ભાવિકો ઉમટી પડયા






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના સુપ્રસિદ્ધ તીર્થધામ ધરાઈ મુકામે આવેલી પ્રભુ બાલમુકુંદજીની હવેલી ખાતે ગતરોજ એક ભક્તિસભર મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બાબરા નાગરિક સહકારી બેંકના ડિરેકટર અને અગ્રણી ઉદ્યોગપતિ ભરતભાઈ ભારદિયા પરિવાર દ્વારા આયોજિત આ દિવ્ય મનોરથમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટયું હતું. ધરાઈ સ્થિત બાલમુકુંદજીની હવેલી ખાતે યોજાયેલા આ મનોરથમાં પ્રભુના સ્વરૂપને અત્યંત સુંદર અને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. હવેલીના પટાંગણમાં ભક્તિમય કીર્તનો અને ધાર્મિક વિધિઓ સાથે વાતાવરણ દિવ્ય બની ગયું હતું. મનોરથી પરિવાર દ્વારા પરંપરાગત રીત–રિવાજ મુજબ પ્રભુની સેવા–પૂજા અને મનોરથના દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. આ ધાર્મિક પ્રસંગે બાબરા શહેર તેમજ અમરાપરા ગામના સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, બાબરા નાગરિક સહકારી બેંકના અન્ય ડિરેકટરો અને હોદ્દેદારોએ પણ હાજરી આપી દર્શનનો લાભ લીધો હતો. ભારતભાઈ ભારદિયા પરિવારે આવેલા તમામ મહેમાનો અને શ્રદ્ધાળુઓનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુહતું. દર્શનની સાથે સાથે તમામ ભાવિક ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો અને સ્નેહીજનોએ પંગતમાં બેસી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. મનોરથ પૂર્ણ થતા ભરતભાઈ ભારદિયા પરિવારે પ્રભુ બાલમુકુંદજીના આશીર્વાદ મેળવી ધન્યતાની લાગણી અનુભવી હતી. સમગ્ર ધરાઈ પંથકમાં આ મનોરથ આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યો હતો.

## માતાજીનાં મંદિરે શાંત જળ અને શિખરનો મનોહર નજારો



બાબરા : "શાંતિ અને શ્રદ્ધાનું પ્રતિક : બાબરામાં તળાવના કાંઠે સ્થિત શ્રી વડલીવાળી મેલડી માતાજીના મંદિરે સંધ્યા આરતીના સમયે શાંત જળ અને શિખરનો મનોહર નજારો."


''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૬૫ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૭૦ | ૧૩૨૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૭૦ | ૧૩૮૫ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૩૯૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૭૫ | ૧૫૧૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૨૧૫ | ૧૩૯૫ |
| ૭ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૨૦ |
| ૮ | તલ કાળા | ૨૫૦૦ | ૨૬૦૦ |
| ૯ | જુવાર | ૮૦૫ | ૧૦૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૫ |
| ૧૨ | મગ | ૮૦૦ | ૧૨૪૦ |
| ૧૩ | અડદ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૦૮૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૪૦ | ૧૦૯૦ |
| ૧૬ | તુવેર | ૯૪૦ | ૧૩૯૫ |
| ૧૭ | કપાસ | ૮૩૦ | ૧૬૩૫ |
| ૧૮ | એરંડા | ૧૦૬૦ | ૧૨૬૫ |
| ૧૯ | જીરૂ | ૨૦૯૦ | ૪૩૯૫ |
| ૨૦ | રાયડો | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૨૧ | ધાણા | ૧૧૦૦ | ૧૯૨૦ |
| ૨૨ | અજમા | ૯૦૦ | ૨૫૨૦ |
| ૨૩ | મેથી | ૮૭૫ | ૯૯૦ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૧૦૧૦ |
| ૨૫ | મરચા લાંબા | ૭૯૦ | ૪૬૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં ભીડભંજન ચોકમાં**

આવન જવાન કરતી એસ.ટી. અને ખાનગી વાહનોનું સ્ટોપ હોવાથી મોટી સંખ્યામાં મુસાફરો પણ ત્યાં ઉભા રહે છે અને ત્યાંથી જ પાણી લિકેજ થતું હોય મુસાફરોને બસની રાહ જોવી પણ મુશ્કેલી બની છે.

તદુઉપરાંત, જિલ્લા સંઘ સહિતનાં શોપિંગ સેન્ટરમાં દુકાન ધરાવતાં વેપારીઓને ત્યાં આવનજાવન કરવામાં ગ્રાહકોને મુશ્કેલી થઈ રહી છે. તો સતત પાણી ભરાવાથી ગંદકી અને મચ્છરનો પણ ઉપદ્રવ વધી જતાં વેપારીઓ પણ પરેશાન છે. તો સામે સુપ્રસિધ્ધ ભીડભંજન મંદિરમાં આવતાં શ્રધધાળુઓ પણ પરેશાન થઈ રહ્યા છે.

છેલ્લા ૧૦ દિવસથી પાણીનો વેડફાટ થતો હોય પાલિકાનાં જવાબદાર વિભાગને ૭ દિવસ સુધી ખબર જ ન પડી કે પાણી વેડફાઈ રહ્યું છે. હવે, તેઓને ૩ દિવસથી જાણકારી મળી હોય એકાદ દિવસમાં પાઈપલાઈનનું રીપેરીંગ કરવાની ખાત્રી આપવામાં આવી હોય ખાત્રીનું પાલન થાય છે કે કેમ તે જોવું રહ્યું.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં રખડુ શ્વાને**

હોસ્પિટલમાં ઈન્જેકશન લેવા માટે પહોંચ્યા છે.

અમરેલી શહેરમાં દિનપ્રતિદિન રખડુ શ્વાન, ગૌવંશની સમસ્યા વધી રહી છે. "અમરેલી એકસપ્રેસ"માં અવારનવાર રખડતા પશુઓની સમસ્યા અંગે અહેવાલ પ્રસિધ્ધ થાય છતાં તંત્ર કાર્યવાહી કરતું નથી.

થોડા દિવસો પહેલા ગુરૂકૃપાનગરમાં અનેક નાગરિકોને બટકુ ભરનાર શ્વાને વિદાય લીધા બાદ આજે શાકમાર્કેટ, હરિરોડ, એસબીઆઈ ચોક સહિતનાં વિસ્તારમાં એક રખડુ શ્વાને સવારથી સાંજ સુધીમાં ૩૦ થી વધુ નાગરિકોને બટકુ ભરી લેતા શહેરમાં ફફડાટનો માહોલ ફેલાયો છે.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં ઠેબી જળાશય આસપાસ દીપડો, સાવરકુંડલા ચોકડી આસપાસ સિંહ અને શહેરમાં રખડુ શ્વાન અને ગૌવંશની સમસ્યા અને આકાશમાં ઘણઘાણાટી બોલાવતાં ટચુકડા વિમાન વચ્ચે દોઢ લાખ જનસંખ્યા ત્રાહીમામ પોકારી ચુકી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૪ | ૧૫૮૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૨૦ | ૭૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૧૦ | ૧૩૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૮૬ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૬૫૧ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૨૫૧ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૦૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૬૮ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૬૦૨ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૯૪૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૯૧ | ૧૫૫૦ |
| ૧૩ | એરંડી | ૧૦૬૪ | ૧૧૧૨ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૮૦૧ |
| ૧૫ | સોયાબીન | ૮૮૬ | ૯૫૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૬૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૮૦ | ૧૪૩૦ |
| ૩ | મગફળી | ૧૧૫૯ | ૧૩૯૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૬૫ | ૧૯૨૫ |
| ૫ | તલ કાળા | ૩૪૪૦ | ૩૯૯૦ |
| ૬ | જીરૂ નવુ | ૨૬૨૯ | ૪૯૫૧ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૦૦ |
| ૮ | ચણા | ૯૪૫ | ૧૦૩૫ |
| ૯ | તુવેર | ૮૮૫ | ૧૪૭૫ |
| ૧૦ | સોયાબીન | ૭૭૫ | ૯૪૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૦૨૫ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૦૦૧ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૦૬ |
| ૪ | ચણા | ૮૮૦ | ૯૦૫ |
| ૫ | તુવેર | ૧૩૩૧ | ૧૩૭૧ |
| ૬ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૭ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૮ | સોયાબીન | ૯૩૧ | ૯૮૬ |
| ૯ | ધાણા | ૧૨૦૦ | ૧૭૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૫૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૪ | ૫૩૩ |
| ૪ | ચણા | ૭૯૫ | ૧૦૫૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૬ | અડદ | ૧૦૪૦ | ૧૧૫૫ |
| ૭ | સોયાબીન | ૮૬૫ | ૧૦૦૪ |
| ૮ | મગફળી | ૭૦૦ | ૧૩૪૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૫૧૧ |
| ૧૧ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૬૨૦ |
| ૧૨ | તલ કાળા | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૧૩ | લસણ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૫ | એરંડી | ૧૨૦૦ | ૧૨૩૧ |
| ૧૬ | જુવાર | ૧૦૩૦ | ૧૦૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું **સાયબર સુરક્ષા સેમિનાર યોજાયો**

સાવચેતી વિશે માર્ગદર્શન આપ્યું અને પોલિસ તંત્રને આપણે પણ પૂરતો સહકાર આપવો જોઈએ. સમગ્ર જિલ્લાના દરેક તાલુકા પ્લેસમાં આ પ્રકારના સેમિનાર કરવા માટે તૈયાર છીએ એવી ખાત્રી આપી હતી.

આ સેમિનારમાં વેપારી મહામંડળના પૂર્વ પ્રમુખ સંજયભાઈ વણજારા દ્વારા પણ વેપારીઓ તથા નાગરિકો માટે અત્યંત ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તેમણે સાયબર ગુનાઓથી બચવાના વ્યવહારૂ ઉપાયો, જરૂરી સાવચેતી અને કાયદાકીય માર્ગદર્શન અંગે સંક્ષિપ્ત પરંતુ અસરકારક માહિતી રજૂ કરી.

કાર્યક્રમમાં પોલીસ અધિક્ષકની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે સાયબર સુરક્ષા અંગે સતત સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂકતા, કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી.

મુખ્ય વકતા તરીકે પીઆઈ જે.એમ. કડછા દ્વારા પ્રેકિટકલ ઉદાહરણો સાથે સાયબર ફ્રોડથી બચવાના અસરકારક ઉપાયો સમજાવવામાં આવ્યા, જેને ઉપસ્થિત વેપારીઓ અને નાગરિકોએ ખૂબ જ ધ્યાનપૂર્વક શાંતિથી સાંભળ્યા હતા. સાથે આવેલ તમામ નાગરિકો તેમજ વેપારીઓના મનમાં રહેલ પ્રશ્નોનો પણ ખુબ યોગ્ય જવાબ આપી જરૂરી માર્ગદશન આપ્યું હતું .

વર્ધમાન બેન્કવેટ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ડીવાયએસપી ચિરાગભાઈ દેસાઈ, સીટી પીઆઈ વાઘેલા, સાયબર ક્રાઈમ પીઆઈ ખટાણા, લોહાણા મહાજનના પ્રમુખ ડો. કાનાબાર, અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, અમર ડેરીના ડાયરેકટર રાજેશભાઈ માંગરોળીયા, લોહાણા મહાજન ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા, નીલકંઠ જવેલર્સના માલિક કેતનભાઈ ધોળકિયા, લીલીયા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ પરીન સોની, વડિયા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ મિતુલ ગણાત્રા, કુંકાવાવ ચેમ્બર ઓફ કામર્સના પ્રમુખ ભીમજીભાઈ વેકરીયા, ટાવર ચોક વેપારી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હિતેષભાઈ પોપટ, કુંકાવાવ ચેમ્બર ઓફ કામર્સના મહામંત્રી યોગેશભાઈ દવે, બાળ રોગ નિષ્ણાંત ડો. નીતિનભાઈ ત્રિવેદી તેમજ અમરેલી શહેરના વેપારી અગ્રણીઓ સેમિનારમાં મોટી સંખ્યામાં વેપારીઓ તથા નાગરિકોની હાજરી જોવા મળી અને કાર્યક્રમને ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા વેપારી મહામંડળ અમરેલીની ટિમ તેમજ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કામર્સની ટિમના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

કાર્યક્રમની સફળતા બદલ તમામ મહેમાનો, વકતાઓ તથા અમરેલી શહેરના નાગરિકો, વેપારીઓનો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ મંત્રી ચંદ્રેશભાઈ ધોળકિયા દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૧ | ૨૨૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| ૪ | બાજરો | ૩૬૦ | ૩૮૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૫ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૧૧૪૦ |
| ૭ | મગ | ૧૦૧૧ | ૧૬૨૫ |
| ૮ | અડદ | ૮૦૧ | ૧૧૨૬ |
| ૯ | તુવેર | ૧૩૪૫ | ૧૩૭૮ |
| ૧૦ | ચણા | ૮૭૬ | ૧૧૫૧ |
| ૧૧ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

# સાવરકુંડલા : ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ઘાંડલા–વણોટ રોડનું ખાતમુહૂર્ત






સાવરકુંડલા જનસુવિધા અને સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ઘાંડલા–વણોટ રોડના રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે થનારા રિસરફેસિંગ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રોડ લાંબા સમયથી વાહનચાલકો અને ગ્રામજનો માટે મુશ્કેલીરૂપ બન્યો હતો, જેને ધ્યાને લઈ સરકાર દ્વારા રિસરફેસિંગ માટે મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે સારા રસ્તા વિકાસની રીડ સમાન છે. વિસ્તારના ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય નાગરિકોને સુગમ અને સલામત મુસાફરી મળી રહે તે સરકારની પ્રાથમિકતા છે. ઘાંડલા–વણોટ રોડનું કામ પૂર્ણ થયા બાદ વાહન વ્યવહાર વધુ સરળ બનશે તેમજ આર્થિક પ્રવૃત્તિઓને પણ ગતિ મળશે. તે ઉપરાંત ધારાસભ્ય મહેશ કસવાલાએ વણોટ–ચીખલી રોડની રૂ. ૧.૦૫ કરોડના ખર્ચે રિસરફેસિંગ થયેલ કામગીરીની સ્થળ પર જઈને મુલાકાત લીધી હતી. તેમણે કામની ગુણવત્તા નિહાળી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓનો 'એકલવ્ય રમતોત્સવ' યોજાયો



અમરેલી શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી દ્વારા સતત ચોથા વર્ષે એકલવ્ય રમતોત્સવ (૪.૦) – ૨૦૨૬નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ. ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભમાં અધ્યક્ષ ઈફકોનાં ચેરમેન દિલીભાઈ સંઘાણી, કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરા, પુર્વ સાંસદ નારણભાઈ કાછડિયા,નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લિંબાણી, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, ડી.ડી.ઓ.પી.બી.પંડયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહીલ, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન ફુમકિયા, પ્રાચાર્ય કે. ડી. વ્યાસ, જિલ્લા ખરીદ વેચાણ સંઘનાં ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, બાબુભાઈ સખવાળા, નીલેશભાઈ કોટડીયા, ધીરૂભાઈ કોટડીયા, અરૂણાબેન માલાણી, સુરેશભાઈ શેખવા, વસંતભાઈ પેથાણી, મુકુંદભાઈ મહેતા, રીતેશ સોની, અલ્કાબેન ગોંડલીયા, આરતીબેન અટારા, બીઆરસી પ્રવિણભાઈ ડાભી, સેલ્ફફાઈનાન્સ શાળ સંચાલક મંડળનાં પ્રમુખ પંકજભાઈ મહેતા, ડો. નિતીનભાઈ ત્રિવેદી, ડો. સોજીત્રા, કાચા, રૂજુલભાઈ ગોંડલિયા, ધાર્મિકભાઈ રામાણી, અમરીશભાઈ જોષી, રાજુભાઈ કામદાર, કંચનબેન બારૈયા, ચતુરભાઈ ખુંટ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા. આ રમતોત્સવમાં કુલ ૧૨૦૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લિધેલ તથા ૧૨૪ જેટલા શિક્ષકોએ પણ ભાગ લિધેલ.રમતોત્સવનાં સમાપન સમારંભના અદયક્ષ દિલીભાઈ સંઘાણીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળમાં ગામડાની માટી માંથી ઉભરતી પ્રતિભાઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોચે એવા સપનાઓને સાકાર કરવા માટે તેઓએ ખેલ મહાકુંભનો પાયો નાખ્યો હતો. આ પ્રેરણાને આત્મસાત કરી અમરેલીની ટીમ રમતના માધ્યમથી ઉજજવળ ભવિષ્ય ઘડી રહી છે. મને વિશ્વાસ છે કે આ એકલવ્ય રમતોત્સવ નાના સિતારાઓની ઉજજવળ ઉડાનનું પ્રતિક બનશે. આ પ્રેરણાદાયી આયોજન માટે તુષારભાઈ જોષી અને એમની ટીમને હાર્દિક શુભેચ્છા પાઠવુ છુ. તથા ભાગ લિધેલ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પૈકી ૪૫૦ વિદ્યાર્થીઓ અને ૫૦ જેટલા શિક્ષકો વિજેતા થતા તેઓને મેડલ, ઈનામ, ટોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. ભાગ લિધેલ તમામને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.આ રમતોત્સવનાં આયોજન માટે ચેરમેન તુષારભાઈ જોષી,વાઈસ ચેરમેન ડી.સી.ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, સમિતિના સભ્યો,આચાર્યઓ, શિક્ષકઓ, સ્પોર્ટસ ટીચર, તથા કચેરી સ્ટાફે જહેમત ઉઠાવી હતી એમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં અમરેલી સંદિપ વામજાની યાદી જણાવે છે.


હવે... બદલાશે સારવારની પરીભાષા
કાર્યરત વિભાગો
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
આયુર્વેદ વિભાગ
પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન
ઈ.એન.ટી (કાન-નાક -ગળા)
આંખ વિભાગ
લેબોરેટરી
જનરલ સર્જરી
ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ
સ્કિન વિભાગ (ચામડીના રોગ)
દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ
ફિઝીયોથેરાપી વિભાગ
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
24/7 Emergency Services
(ગોળ હોસ્પિટલ)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## પાલિકાની પાણી વિતરણની પાઈપલાઈન અઠવાડીયાથી તૂટી જતાં

# અમરેલીનાં ભીડભંજન ચોકમાં હજારો લિટર પાણીનો વેડફાટ

**મીની બસ સ્ટેન્ડ ગણાતા વિસ્તારમાં પાણીની રેલમછેલથી મુસાફરો પરેશાન**

**અનેક દુકાનો આગળથી પાણી વહેતા હોય વેપારીઓ પણ પરેશાન**

**ઠેર-ઠેર પાણી ભરાતાં ગંદકી અને મચ્છરનો પણ ઉપદ્રવ વધી ગયો**

**જો કે પાલિકા દ્વારા પાઈપલાઈનની રીપેરીંગ કરવાની ખાત્રી આપવામાં આવી**



અમરેલી, તા. ૧૯

અમરેલીનાં હાર્દસમાં અને ટ્રાફિકથી ધમધમતાં ભીડભંજન ચોકમાં છેલ્લા ૧૦ દિવસથી પાલિકાની પાણી વિતરણ કરતી પાઈપલાઈનમાં લિકેજ હોય હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો હોય પાલિકા દ્વારા પાણીનો થતો વેડફાટ બંધ કરવાની ખાત્રી આપવામાં આવી છે.

ભીડભંજન ચોકમાં લીલીયા, સાવરકુંડલા, રાજુલા તરફ

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


## શહેરમાં રખડતા ઢોર અને શ્વાનની સમસ્યા વિકરાળ બની

# અમરેલીમાં રખડુ શ્વાને એક જ દિવસમાં ૩૫થી વધુ નાગરિકોને બટકુ ભરી લેતા ફફડાટ

**સિવિલ હોસ્પિટલમાં રાત સુધીમાં ૩૫ થી વધુ વ્યકિતઓ ઈન્જેકશન માટે દોડી ગયા**

અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરમાં આજે એક જ દિવસમાં રખડુ શ્વાને સવારથી સાંજ સુધીમાં ૩૫ થી વધુ નાગરિકોને બટકુ ભરી લેતા તમામ નાગરિકો સિવિલ

અનુસંધાન પાના ૬ ઉપર




Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Liaisoning Officer - 1
Experience : 1-2 Years (Male)
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957



"NAARI WELCOMES NEW TEAM MEMBER"

naari HOSPITAL
ડૉ. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS: જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
➜ ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ➜ ૧૫૦૦ + સિઝેરીયન
➜ ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



LG Life's Good.
Thank You India
for Making
LG Most Trusted Brand
LG celebrates a historic Initial Public Offering (IPO) with never-before offers.
IPO CELEBRATION OFFERS
50% Off + 10% GST Benefits
Scratch & Win Instant Discount ₹9990
15% CASHBACK
0 DOWN PAYMENT
EMI STARTING FROM ₹888 ONWARDS
LG BEST Care 20%

LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)